## લોકેશનના કારણે દિલીપ સા'બે મધુમતી માટે

# હા કહી પણ અંતે તો ફિલ્મ સ્ટૂડિયોમાં જ શૂટ કરવી પડી!

ફિલ્મમાં ગીત એટલા મહત્ત્વના હોય છે કે બોલિવૂડની ઘણી ફિલ્મો એવી છે જે તેના ગીતોને કારણે હિટ થઈ છે. ગીત જ છે જે ફિલ્મની સ્ટોરીને આગળ વધારવામાં મદદ કરે છે પરંતુ જો એવી ફિલ્મ હોય જેમાં પુનઃ જન્મના વિષય હોય તો? આપણે ત્યાં જ નહીં પરંતુ વૈજ્ઞાનિકો પણ પુનઃજન્મને લઈને એકમત નથી. પુનઃજન્મના વિષયને




ડાયરેક્ટર્સ કટ

બોલિવૂડની પહેલી ફિલ્મ 'મધુમતિ' 1958 માં આવે છે. ફિલ્મમાં ટોટલ 11 ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ફિલ્મનું 'જંગલ મે મોર નાચા' ગીત તો કહેવત બની ગયું છે અને ગીતની લંબાઈ 3.5 મિનિટથી લઈ 5.38 મિનિટ છે તો વિચારો કે 2 કલાક 58 મિનિટની ફિલ્મમાં એવરેજ 4 મિનિટ ગીતની લંબાઈ રાખો તો પણ 44 મિનિટ માત્ર ગીતો જ આવે છે.

ડાયરેક્ટર બિમલ રોયે 'પરિણીતા', 'દો બીઘા જમીન', 'દેવદાસ', 'યહુદી', 'સુજાતા', 'મધુમતિ' અને 'બંદની' જેવી સામાજિક વિષયો આધારિત ફિલ્મો બનાવી છે.

1955 માં આવેલી દિલીપ કુમાર અને વૈજયંતિમાલા સ્ટારકાસ્ટવાળી ફિલ્મ 'દેવદાસ' બોલિવૂડની 50ના દાયકાની પ્રમુખ ફિલ્મોમાંની એક છે. પરંતુ ખૂબ ઓછા લોકોને ખબર હશે કે 'દેવદાસ' ફિલ્મને કારણે ડાયરેક્ટર બિમલ રોય સડક પર આવી ગયા હતા. ફિલ્મ ફ્લોપ રહી હતી. બિમલ રોય પ્રોડક્શન કંપની કર્જામાં ડૂબી ગઈ હતી.

આવા સમયે બિમલ રોયને એક સફળ ફિલ્મની જરૂર હતી. રિત્વિક ઘટકે બિમલ રોયને 'મધુમતિ' ફિલ્મની સ્ટોરી સંભળાવી તો બિમલજીને સ્ટોરી ખૂબ જ પસંદ આવી અને ફિલ્મ બનાવવા માટે જેમ-તેમ કરીને પૈસા ભેગા કર્યા.

બિમલજીને ફિલ્મની શૂટિંગ ઈન્ડોર જ કરવું પસંદ હતું તેથી તેમની ઘણી ફિલ્મો ઈન્ડોર જ શૂટ થયેલી છે પણ 'મધુમતિ' ફિલ્મનું શૂટિંગ આઉટડોર કરવાનું નક્કી કર્યું. ફિલ્મનું શૂટિંગ લોકેશનનું નૈનિતાલ નક્કી થયું.

કહેવાય છે કે મધુમતિ ફિલ્મના હિરો દિલીપ કુમાર એટલા માટે હા પાડી હતી કેમ કે તે સમય

**ફિલ્મનું શૂટિંગ લોકેશનનું નૈનિતાલ નક્કી થયું. બધા શૂટિંગ કરવા મુંબઇથી નૈનિતાલ ચાલ્યા પણ ગયા, શૂટિંગ પૂરૂ થયું અને ફિલ્મને એડિટ માટે મુંબઇ મોકલવામાં આવી. એડિટ રૂમમાં બધાના પગની નીચેથી જમીન ખસી ગઇ! ફિલ્મ સાવ ધુંધળી! એક પણ સિન સ્પષ્ટ ન હતો. જેનું શૂટિંગ નૈનિતાલમાં થયું હતું**

દિલીપ કુમાર બીમાર હતા. ફિલ્મનું શૂટિંગ કોઈ હિલ સ્ટેશન પર થવાનું હોવાથી ફિલ્મ સાઈન કરી હતી. ડૉક્ટરે દિલીપ સાહેબને ખાસ સૂચના આપી હતી કે તમે હલકી-ફૂલકી ફિલ્મો કરજો. વધારે સ્ટ્રેસ કે મહેનત ન કરતા. એટલે દિલીપ સાહેબે ફિલ્મ સાઈન કરી.

એક ડાયરેક્ટર તરીકે બિમલજી અહીં એક

### ફિલ્મના સદાબહાર ગીત

'સુહાના સફર ઔર એ મૌસમ જવાં'
'દિલ તડપ તડપ કે કેહ રહા હે'
'આજા રે પરદેશી'
'ચડ ગયો પાપી બિચૂઆ'
'ઘડી ઘડી મેરા દિલ ધડકે'
'ટૂટે હુએ ખ્વાબને હમે એ શીખાયા'
'જુલ્મી સંગ આંખ લડી'
'હમ હાલે દિલ સુનાએંગે'
'તન જલે મન જલતા હે'
'જંગલ મે મોર નાચા કિસને દેખા!'

ભૂલ કરી બેઠા છે. ફિલ્મનું શૂટિંગ લોકેશનનું નૈનિતાલ નક્કી થયું. બધા શૂટિંગ કરવા મુંબઈથી નૈનિતાલ ચાલ્યા પણ ગયા, શૂટિંગ પૂરૂ થયું અને ફિલ્મને એડિટ માટે મુંબઈ મોકલવામાં આવી. એડિટ રૂમમાં બધાના પગની નીચેથી જમીન ખસી ગઈ! ફિલ્મ સાવ ધુંધળી! એક પણ સિન સ્પષ્ટ ન હતો. જેનું શૂટિંગ નૈનિતાલમાં થયું હતું, એવી બોલિવૂડની પહેલી ફિલ્મ બની શકી હોત જો ફિલ્મના દરેક સિનમાં ધુમ્મસ ના હોત!

કેમ કે નૈનિતાલના વાતાવરણમાં ધુમ્મસ હોય છે. તેના લીધે ડાયરેક્ટરે ડિસિશન લીધું કે ફિલ્મ ફરી શૂટ કરવી પડશે! પણ ફિલ્મનું બજેટ પહેલીથી જ ઓછું હતું અને ફરી નૈનિતાલમાં શૂટિંગ કરવું લગભગ સંભવ ન હતું.

ડાયરેક્ટરને એક વિચાર આવ્યો અને નાસિક પાસે એક વિસ્તારમાં ફિલ્મનો સેમ ટુ સેમ સેટ બનાવવામાં આવ્યો. બાકીનું 80 % ફિલ્મનું શૂટિંગ મુંબઈના સ્ટુડિયોમાં ફરીથી કરવામાં આવ્યું અને ફિલ્મ બ્લોક બસ્ટર સાબિત થઈ.

## થલાઈવાને માર ખાતા જોઇ ચાહકોએ તો ફિલ્મના મેકર્સને જ ધોઇ નાખ્યા!



જેના એક ડાયલોગથી આખુ થિયેટર સિટીઓ અને ટાળીઓ પાડતું થાકતું નથી તે સાઉથ જ નહીં પણ પેન ઈન્ડિયા સુપરસ્ટારને આખું ઈન્ડિયા રજનીકાંતને નામે જાણે છે, તે શિવાજીરાવ ગાયકવાડ કે 'થલાઈવા' એટલે કે રજની સરે તમિલ ફિલ્મોથી કેરિયરની શરૂઆત કરી અને હાલ એશિયા હાઈએસ્ટ પેઈડ એક્ટર લિસ્ટમાં સેકન્ડ નંબર પર આવવાવાળા સુપરસ્ટાર છે. પણ ખબર કે તેમને તો તમિલ ભાષા જ નહોતી આવડતી કેમ કે રજનીકાન્ત તો મરાઠી છે. ફિલ્મોમાં સ્ટાઈલ લાવવાવાળા એકમાત્ર સ્ટાર રજની સર જ છે. ચાલવાની સ્ટાઈલ હોય, ચશ્મા પહેવાની સ્ટાઈલ હોય કે ડાયલોગ બોલવાની સ્ટાઈલ હોય, રજનીકાન્ત હંમેશા જ લોકોના ફેવરિટ રહ્યા છે. એટલું જ નહીં પણ સાઉથમાં તો તેમના ચાહકો રજની સરને ભગવાનની જેમ પૂજે છે ચાહકો દ્વારા એક મંદિર પણ બનાવવામાં આવ્યું છે અને પહેલી વાર જ્યારે એક ફિલ્મમાં વિલનના હાથે થલાઈવાને માર ખાતા તેમના ચાહકોએ જોઈ ગયા ત્યારે ચાહકોએ ફિલ્મના મેકર્સને જ ધોઈ નાખ્યા અને થિયેટરોને પણ સળગાવી દીધા!

**ફિલ્મોમાં સ્ટાઇલ લાવવાવાળા એકમાત્ર સ્ટાર રજની સર જ છે, ચાલવાની સ્ટાઇલ હોય, ચશ્મા પહેવાની સ્ટાઇલ હોય કે ડાયલોગ બોલવાની સ્ટાઇલ હોય, રજની સર હંમેશા જ લોકોના સુપરસ્ટાર રહ્યા છે**

રજનીકાન્ત શિવજીને ખૂબ માને છે. 170 થી વધુ ફિલ્મોમાં કામ કર્યું તેમાં તેમની 25થી વધુ ફિલ્મોમાં 'શિવા' નામ રાખ્યું છે. એક માત્ર એક્ટરની જર્નીને CBSCના સિલેબસમાં એડ કરવામાં આવ્યો છે!

અમિતાભને પોતાના ગુરુ માને છે અને અમિતાભ સાથે ફિલ્મોમાં કામ પણ કર્યું છે. 2010માં રજનીકાન્ત એશ્વર્યા બચ્ચન સાથે જ્યારે 'રોબોટ'માં હીરો સાઈન થયા ત્યારે જ તેમના જ ખાસ મિત્રને મળ્યા હતા, મિત્રએ કહ્યું કે શું કરો છે હમણાં? તારા બધા વાળ ક્યા ગયા? તારે તો ટાલ પડી ગઈ છે! ત્યારે રજનીકાન્તે કહ્યું કે હું એક ફિલ્મમાં કામ કરું છું જેમાં હીરોઈન એશ્વર્યા રાય બચ્ચન છે અને તરત જ મિત્રએ કહ્યું તો હીરો કોણ છે? ત્યારે થલાઈવાએ કહ્યું કે હું! તો મિત્ર તરત જ કહેવા લાગ્યો કે શું તું હીરો? એ પણ એશ્વર્યાનો હીરો! પેલો મિત્રએ આકાશ તરફ જોઈ કહ્યું કે શું થાશે એશ્વર્યાનું.

લેજન્ડ

રજનીકાન્ત તેમના પરમ મિત્રને ખૂબ ચાહે છે કેમ કે જ્યારે કેરિયરની શરૂઆત કરી ત્યારે પૈસાની ખૂબ તંગી રહી હતી અને તે સમયે મિત્રએ પૈસા આપી એક્ટિંગ શીખવા માટે મદદ કરી હતી. રજનીકાન્ત એકમાત્ર એવા એક્ટર છે જે પહેલા કારપેન્ટર, બસ કંડક્ટરની નોકરી કરી છે. ફિલ્મોમાં આવ્યા પહેલા ઘાટઘાટનું પાણી પીધું છે. ફિલ્મોમાં આવ્યા પછી પણ તેમના ડાર્ક કલરને કારણે રોલ પણ ખૂની, અપરાધીના જ મળતા. ઘણી એવી ફિલ્મો છે જેમાં કામ તો કર્યું પણ ડાયરેક્ટરે કે પ્રોડ્યુસરે પૈસા ન આપ્યા. ફ્લોપ ફિલ્મોનો કાળો પડછાયો રજનીકાન્તના માથેથી ક્યારેય ન હટ્યો. એટલે કે તેમની ઘણી ફિલ્મો ફ્લોપ પણ રહી છે. એટલું જ નહીં 2001 થી 2005 માં આઈકર વિભાગની રેઈડને કારણે પણ રજનીકાન્ત પર સવાલો ઊભા થયા હતા.


## એક એવી ફિલ્મ જેમાં એક પણ ગીત નથી!

# છતા તે ફિલ્મ હિટ થઇ!

બોલિવૂડની ફિલ્મો જોવામાં જેટલી મજા આવે તેનાથી પણ વધુ મજા તે ફિલ્મ પાછળના કિસ્સાઓ સાંભળવામાં આવે. બોલિવૂડે વ્યક્તિને સ્ટાર અને સુપરસ્ટાર બનાવ્યા અને તે અમર થઈ ગયા. ક્લાસિક ફિલ્મોમાં જોઈએ તો એક વાત તરત જ યાદ આવે કે તે સમયની ફિલ્મો કંઈક અલગ કરવા માટે જાણીતી હતી. હા, એ પણ માનવું રહ્યું કે ઘણી ફિલ્મો પશ્ચિમની રિમેક તે કોપી કરીને પણ બનાવવામાં આવી છે. તેમ છતા અમુક ફિલ્મો એવી પણ છે જેમાં કંઈ નવું કરવા માટે ફિલ્મના ફોર્મેટને જ બદલવામાં આવ્યા હોય!

બોલિવૂડની ફિલ્મો વધુ જાણીતી તેના ગીતોથી થતી હોય છે, અમુક ફિલ્મો તો તેના સદાબહાર ગીતોને કારણે જ ચાલી છે, 'ક્યારેક ગીતોના આલ્બમને લઈને તેમાં સ્ક્રિપ્ટ નાખીને ફિલ્મ બનાવી દેવી' તેવું પણ બોલિવૂડમાં થયું જ છે. ત્યારે સવાલ એ આવે કે જો ગીતો ફિલ્મ માટે આટલા જરૂરી જ હોય, તે ફિલ્મને હિટ કે ફ્લોપ કરવાની તાકાત ધરાવતા હોય તો પછી અમુક એવી ફિલ્મો કેમ ચાલી જેમાં એક પણ ગીત જ ના હોય?

એ સમજી શકાય કે ફિલ્મની સ્ટોરી લાંબી થઈ જાય ત્યારે કેટલીક વાર ડાયરેક્ટર ફિલ્મમાંથી કેટલાક ગીતોની બાદબાકી પણ કરતો હોય છે




અને તેમાં કશું ખોટું પણ નથી, પણ તમે એવી ફિલ્મ જોઈ જેમાં એક પણ ગીત ન હોય?

કિસ્સે કહાની

1960 ની એક ફિલ્મ 'કાનૂન' ડાયરેક્ટર B.R. ચોપરા દ્વારા બનાવવામાં આવી હતી. તે ફિલ્મ બનવા પાછળની કહાની આજે જાણીએ.

એકવાર B.R. ચોપરા જર્મન ફિલ્મ ફેસ્ટિવલમાં ગયા હતા. ફંક્શનમાં એક વિદેશી ફિલ્મ મેકર્સે B.R. ચોપરાને કહ્યું કે ભારતીય ફિલ્મોમાં કઈ ખાસ વાત હોતી નથી, ફિલ્મની સફળતા તેના ગીતોમાં છૂપાયેલી છે. જો કોઈ ફિલ્મમાં ગીત ના હોય તો ભારતના દર્શક ફિલ્મને પસંદ જ નહીં કરે! અને કદાચ આખી ફિલ્મ જોઈ પણ ન શકે! ભારતીય ફિલ્મ મેકર્સ પાસે કોઈ એવી ધ્વનિ નથી કે સ્ટોરી ગીતો વગર આગળ વધે! અને ન તો એટલો આત્મ વિશ્વાસ છે કે કોઈ આવી ફિલ્મ બનાવી શકે.

આ વાતને B.R. ચોપરાએ એક ચેલેન્જ તરીકે સ્વીકારી અને રાઈટર અખ્તર ઉલ ઈમાન અને CJ પાવરીને સાથે બેસીને તે વિષય પર ચર્ચા કરી અને જો કોઈ લવ સ્ટોરીવાળી ફિલ્મ બનાવે તો ગીતો વગર ફિલ્મની સ્ટોરી આગળ ન વધી શકે. એટલે B.R. ચોપરાએ બંને રાઈટરને એક સસ્પેન્સ ફિલ્મ લખવાનું કહ્યું. જેમાં એક પણ ગીત ન હોય. થોડા જ સમયમાં ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર થઈ ગઈ અને

**એકવાર B.R. ચોપરા જર્મન ફિલ્મ ફેસ્ટિવલમાં જાય છે. ફંક્શનમાં એક વિદેશી ફિલ્મ મેકર્સે B.R. ચોપરાને કહ્યું કે ભારતીય ફિલ્મોમાં કઇ ખાસ વાત હોતી નથી, ફિલ્મની સફળતા તેના ગીતોમાં છૂપાયેલી છે. જો કોઇ ફિલ્મમાં ગીત ના હોય તો ભારતના દર્શક ફિલ્મને પસંદ જ નહીં કરે! અને કદાચ આખી ફિલ્મ જોઇ પણ ન શકે!**

ફિલ્મ બની 'કાનૂન' ગઈ. સ્ટારકાસ્ટમાં અશોક કુમાર, રાજેન્દ્ર કુમાર અને નંદા જોવા મળ્યા. આ પહેલી હિન્દી ફિલ્મ હતી જેમાં એક પણ ગીત નથી. જો કે ભારતની 'અંધાનાન' 1954ની તમિલ ફિલ્મ પહેલી ભારતીય ફિલ્મ છે જેમાં એક પણ ગીત નથી.

પણ અહીં આપણે હિન્દી ફિલ્મોના વાત કરીએ છીએ એટલે હિન્દી ફિલ્મોમાં 'કાનૂન જ પહેલી ફિલ્મ છે. ફિલ્મ હિટ રહી એટલું જ નહીં પણ B.R. ચોપરાને ફિલ્મ 'કાનૂન' માટે 'નેશનલ ફિલ્મ એવોર્ડ' અને 'બેસ્ટ ફિચર ફિલ્મ એવોર્ડ' પણ મળ્યો.

# અધૂરાને પણ પૂરુ કરી શકે તે જ તો કલાકાર કહેવાય!

એક એવી ફિલ્મના ગીતની આજે વાત કરવાની છે જે તમને ચોંકાવી દેશે! કેમ કે કોઈ પણ ફિલ્મના ગીત ક્યારેય અધૂરા રાખવામાં નથી આવતા પણ 1965 માં આવેલી 'કાજલ' ફિલ્મનું ગીત સૌથી વધુ સફળ રહ્યું તે અધુરુ હતું. હા, 'કાજલ' ફિલ્મનું ગીત ''છૂ લેને દો નાઝૂક હોંઠો કો'' ગીત અધુરૂ છે. તો જાણીએ આખી ઘટના કે ગીત અધૂરૂ કેમ હતું તેની પાછળના કિસ્સાઓઃ

મ્યૂઝિકલ મોમેન્ટ

મો. રફી સા'બે જેટલા મહાન સિંગર હતા એટલા જ સરળ સ્વભાવ અને સારા વ્યક્તિ. તે કોઈ પણ સંગીતકારની પરેશાની, પોતાની પરેશાની માનતા હતા. કોઈને પણ અન્યાય ન થાય તેની ખાસ કાળજી લેતા હતા.

બીજી બાજુ સાહિર લુધિયાનવી જેટલા મહાન શાયર હતા તેટલા જ કડક સ્વભાવના ધરાવતા હતા. તેમના માટે તેમના લખેલા શબ્દોનું મૂલ્ય અને તેનું આત્મસન્માન જ મહત્ત્વનું હતું. તેમના દ્વારા લખેલા ગીતોમાં કોઈ પણ પ્રકારના ફેરફાર કરવા માટે માને નહીં. ભલે પછી આખું ગીત ખરાબ કેમ ના હોય!

એક બાજુ મો. રફી સા'બ જેવા સજ્જન સિંગર તો બીજી બાજુ સાહિર સા'બ જેવા ઈગો ધરાવનાર શાયર જે પોતાના કામમાં કોઈ પણ પ્રકારની દખલઅંદાજી પસંદ ન હોતા કરતા. આ બંને વચ્ચે ફસાયેલા હતા સંગીતકાર રવિજી.

રવિજી, સાહિર સા'બનો મિજાજ ખૂબ સારી રીતે જાણતા હતા અને તેઓ એ પણ જાણતા હતા કે તેમને ગીતમાં એવા શબ્દો જોઈએ છે જેના શબ્દોમાં ગહેરાઈ હોય અને તેનો ખાસ અર્થ થતો હોય. જે માત્રને માત્ર સાહિર સા'બ જ આપી શકે એમ હતા. 1965 માં આવીલી 'કાજલ' ફિલ્મના ડાયરેક્ટર હતા રામ મહેશ્વરી. સ્ટારકાસ્ટમાં ધર્મેન્દ્ર - મીનાકુમારી અને પદ્મિની - રાજકુમારની જોડી હતી. તે






ઉપરાંત સહાયકોમાં હેલન, ટુનટુન, મેહમૂદ અને મુમતાઝ વગેરે ફિલ્મમાં છે. રવિજી હંમેશા ગીતકારને ખુલ્લુ મેદાન આપતા, બની-બનાવી ધૂન ક્યારેય ન ચલાવે અને સાહિર સા'બ પણ એજ મતના વ્યક્તિ હતા.

સાહિર સા'બ આ શબ્દો લખીને આવ્યા.

छू लेने दो नाज़ुक होठों को
कुछ और नहीं हैं जाम हैं ये
क़ुदरत ने जो हमको बख़्शा है
वो सबसे हंसीं ईनाम हैं ये
शरमा के न यूँ ही खो देना
रंगीन जवानी की घड़ियाँ
बेताब धड़कते सीनों का
अरमान भरा पैगाम है ये, छू ...
अच्छों को बुरा साबित करना
दुनिया की पुरानी आदत है
इस मै को मुबारक चीज़ समझ
माना की बहुत बदनाम है ये, छू ...

રવિજીને ગીત અધુરુ છે તે ખબર પડી. કેમ કે રવિજીને ગીતના શબ્દો ફિલ્મ 'મહેલ'ના એક ગીત ''જી ઘબરાયે સીર કો ટકરાયે તો અચ્છા હો''ના જેવું લાગ્યું. એમને થયું કે સાહિર સા'બ અચ્છા પછી 'હો' લખવાનું ભુલી ગયા હશે! સાહિર સા'બે કહ્યું ના ના એવું કાઈ નથી જો 'હો' આવી જશે તો આ ગીત બીલકુલ તે ગીતની કોપી થઈ જશે. અચ્છા શબ્દથી જ આ ગીત પુરુ થશે!

રવિજી સાહિર સા'બને કાઈ કહી શક્યા નહીં કેમ કે તેઓ કોઈ ફેરફાર તો કરશે નહીં. અને રવિજીને એ 'અચ્છા' શબ્દથી ગીત ખતમ થાય તો તરાન્નુમ ના આવે. થોડુ વિચારી, પછી મો. રફી સા'બને બોલાવ્યા અને ગીતના શબ્દો સંભળાવ્યા. રફી સા'બે કહ્યું ચિંતા ન કરો હું સંભાળી લઈશ. પછી ઈતિહાસ ગવાહ છે કે રફી સા'બે પોતાના ટેલેન્ટને ફરી એક વાર કામે લગાવ્યું અને ગીત સુપર હિટ સાબિત થયું.

**રવિજી, સાહિર સા'બનો મિજાજ ખૂબ સારી રીતે જાણતા હતા અને તેઓ એ પણ જાણતા હતા કે તેમને ગીતમાં એવા શબ્દો જોઇએ છે જેના શબ્દોમાં ગહેરાઇ હોય અને તેનો ખાસ અર્થ થતો હોય. જે માત્રને માત્ર સાહિર સા'બ જ આપી શકે એમ હતા**

આ ગીતમાં રાજકુમાર પદ્મિનીને શરાબ પીવા માટે કહેતા હોય છે. આખા ગીતમાં રાજકુમાર નશામાં હોય તે રીતે ગાવાનું હતું. રફી સા'બે ક્યારેય શરાબને હાથ પણ ન લગાવ્યો છતા લાજવાબ ગીત ગાયું. અને ગીતનું એ રીતે ફિલ્માંકન કરવામાં આવ્યું કે રાજકુમાર ગાતો ગાતો જ પલંગ પર સૂઈ જાય.

આ રીતે એક અધુરા ગીતને પણ સંપૂર્ણ ગીતમાં ફેરવવામાં રફી સા'બ અને ફિલ્માંકન કરનાર ડાયરેક્ટરને આનું ક્રેડિટ જાય છે.